અભંગદ્વાર
પાઠશાળા

# વિધાયક દૃષ્ટિની પ્રાપ્તિ માટે જ સદ્‌વાંચન, સદ્‌સમાગમ તથા સંતોનું સેવન કરવાનું કહ્યું છે.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

ઘટનાઓને બદલવાનું
ન તો આપણું ગજું છે,
ન તો એ
આપણા હાથમાં છે;
ન તો એ જરૂરી છે.
પરંતુ એ ઘટનાને
જોવાની દૃષ્ટિ બદલવી,
સુધારવી અને
ઘડવી એ આપણા
હાથની વાત છે.

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

કોઇ પણ દૃશ્યને
એવા દૃષ્ટિકોણથી
જોવું જોઈએ કે
જેનાથી આપણને
કાંઈક નક્કર
લાભ થાય,
કમસેકમ નુકશાન
તો ન જ થાય.

Melbourne Shwetambar Jain Sangh

આપણે જ્યારે
આપણી ઈચ્છાથી જ
વિચારવાનું હોય,
અનુમાન કરવાનું
હોય, અટકળ
કરવાની હોય, કહો કે
સંભાવના કરવાની
હોય તો તે સારી રીતે
જ કરીએ.

અભંગદ્વાર
પાઠશાળા

આપણે જ
સંભાવના
કરવી હોય તો
સારી જ
સંભાવના
કરવી જોઈએ.
તેમાં પહેલો લાભ
આપણા પક્ષે જ છે.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

આપણે એવી
કાળજી પણ
રાખવી જોઈએ કે
સામી વ્યક્તિને
અવળી સંભાવના
કરવાની તક
ન મળે.

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

# એક નબળી ગણાતી ઘટનાને માત્ર ઉચ્ચ દૃષ્ટિથી અવલોકવાથી તેને પણ ઉચ્ચતર સ્થિતિમાં પલટાવી શકાય!

Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર
પાઠશાળા

કોઈના કાજી
બનતી વખતે તેની
પાછળ છુપાયેલા
કોઈ ને કોઈ
સદ્અંશને શોધવાનો,
એમાં કાંઈક સારું
પણ હોઈ શકે
તેવી કલ્પના કરવાનું
શરૂ કરવું જોઈએ.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

પ્રભુના શાસનમાં
કશું નિરાધાર કે
નિષ્કારણ
નથી હોતું.
હા, દરેક વિધાનની
પાછળના હેતુનું
આપણને જ્ઞાન
ન હોય તેવું બને.

Melbourne
Shwetambar Jain Sangh

શુભ પ્રસંગોએ
કુંભસ્થાપના પછી
(શોકના વસ્ત્રો,
ઉપસર્ગની રંગોળી કે
ગાનની જેમ)
ઉલ્લાસને ખંડિત કરે
એવું મન, વચન,
કાયાનું એક પણ
વાતાવરણ ન સર્જાય
એનું ધ્યાન રાખવું.

અંજનશલાકા,
પ્રતિષ્ઠા આદિ
ઉત્સવના
દિવસોમાં
સકળ સંઘના
મન-પ્રાણમાં
ઉલ્લાસનું તત્ત્વ જ
રમમાણ રહેવું
જોઇએ.

અભંગદ્વાર પાઠશાળા

ધર્મ પ્રત્યે નિઃશંક
બનેલા ચિત્તને,
ધર્માનુષ્ઠાનનું ફળ
કલ્પવૃક્ષની જેમ
ફળે છે.
આવું ફળ તમને
પણ પ્રાપ્ત થાઓ!!

Melbourne Shwetambar Jain Sangh